ગુજરાત રાજ્ય વિધાનસભાની સામાન્ય ચુંટણી-૨૦૧૭ માં ચુંટણી ફરજ પરના તમામ સિવિલિયન સ્ટાફ, પોલીસ સ્ટાફ તથા કેન્દ્રીય હથિયારી પોલીસદળને ચુંટણી ફરજ દરમ્યાન ઈજા કે સ્વાસ્થ્ય બગડવાના પ્રસંગે "કેશ લેસ" તબીબી સારવાર મળવા બાબત.

ક્રમાંક:પ્રાશિનિ/સંકલન/૨૦૧૭/10545-209
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા.10/૧૧/૨૦૧૭

વંચાણે લીધાઃ- શિક્ષણ વિભાગના ક્રમાંકઃપરચ/૧૩૨૦૧૭/૧૨૭૮/વ.ર તા.૩૦/૧૦/૨૦૧૭

પરિપત્ર

ગુજરાત વિધાનસભના સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અન્વયે રાજ્ય સરકાર તબીબી સારવારના પ્રવર્તમાન નીતિ નિયમોના દાયરામાં રહી આગામી વિધાનસભાના સામાન્ય ચૂંટણી-૨૦૧૭ દરમ્યાન ચૂંટણી કાર્યમાં રોકાયેલ મુલ્કી કર્મચારીઓ- અધિકારીઓ, પોલીસ કર્મચારીઓ/અધિકારીઓ તથા કેન્દ્રીય હથિયારી પોલસદળના સ્ટાફને "કેશ લેસ" તબીબી સારવાર મળી રહે તે બાબતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ કલ્યાણ વિભાગ દ્વારા નીચે મુજબના હુકમો કરવામાં આવે છે.

(૧) રાજ્ય સરકારની જિલ્લા/તાલુકા કક્ષાએ આપવામાં આવેલ હોસ્પિટલો તેમજ મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે ચૂંટણી ફરજ સાથે સંકળાયેલ મુલ્કી કર્મચારીઓ-અધિકારીઓ, પોલીસ કર્મચારીઓ/અધિકારીઓ તથા કેન્દ્રીય હથિયારી પોલસદળના સ્ટાફને નિ:શુલ્ક સારવાર પૂરી પડવામાં આવશે. આ અંગે બહારની દવાઓ/ ઈમ્પ્લાન્ટસનો ખર્ચ હોસ્પિટલના કન્ટીજન્સી ખર્ચમાંથી કરવાનો રહેશે.

(૨) આ ઉપરાંત રાજ્ય સરકારશ્રીની નીચે મુજબની અનુદાનિત હોસ્પિટલો ખાતે ચૂંટણી ફરજ સાથે સંકળાયેલ મુલ્કી કર્મચારીઓ- અધિકારીઓ, પોલીસ કર્મચારીઓ/અધિકારીઓ તથા કેન્દ્રીય હથિયારી પોલસદળના સ્ટાફને નિ:શુલ્ક સારવાર પૂરી પડવામાં આવશે. તથા તેનો સંભવિત ખર્ચ સરકારશ્રી દ્વારા અનુદાનથી રી-એમ્બર્સ કરવાનો રહેશે.

(૧) યુ.એન.મહેતા ઈન્સ્ટીટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અમદાવાદ

(૨) એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અમદાવાદ

(૩) ઈનસ્ટીટ્યૂટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રસસર્ચ સેન્ટર, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અમદાવાદ

મુલ્કી કર્મચારીઓ-અધિકારીઓ, પોલીસ કર્મચારીઓ/અધિકારીઓ તથા કેન્દ્રીય હથિયારી પોલસદળના સ્ટાફને જ્યારથી ચૂંટણી ફરજ સોપવામાં આવે ત્યારથી (એટલે કે ચૂંટણી જાહેરાત/જાહેરનામું પ્રસિદ્ધ થાય તે પહેલાં પણ જો તેઓને ચૂંટણી ફરજ સોપવામાં આવે ત્યારથી)

"કેશ લેસ" સારવારની સુવિધા મળવાપાત્ર થશે. આ યોજના/નીતિ ચૂંટણી પૂર્ણ થાય તે દિવસ સુધી જ અમલી રહેશે.

આકસ્મિક સંજોગોમાં સૌથી નજીકની ખાનગી હોસ્પિટલમાં પણ સંબંધિત જિલ્લા ચૂંટણી અધિકારીઓશ્રીના તદનુસારના પ્રમાણપત્રના આધારે "કેશ લેસ" સારવાર આપવામાં આવશે.

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ. રા. ગાંધીનગર

પ્રતિ

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી. ન.પ્રા. શિ. સમિતિ તમામ

<u>નકલ રવાના જાણ સારૂ</u>

- શ્રી એમ. બી. શાહ, સેકશન અધિકારીશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

જા.નં - ૬૩૫૩
તા. ૨૨/૧૧/૨૦૧૭

પ્રતિ,
તમામ આચાર્યશ્રીઓ
ન.પ્રા.શિ.સ. સુરત તરફ જાણ સારું,

શાસનાધિકારી,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
સુરત.